SAMVAD E-JOURNAL
ISSN (Online): 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-2, July to September : 2026
Published by Rangmati Publication **http://www.rangmatipublication.com/**

'સરદાર: ધ મેન ઓફ એકશન' : એક મૂલ્યવાન સંપાદનની સમીક્ષા

બાદી સાજમીનબાનુ ઈસ્માઈલભાઈ

ભારતની ભૂમિ પર અનેક મહાપુરુષો થઈ ગયા પરંતુ તેમાં ખરા અર્થમાં વિદ્વાન કેટલાં ? દેશનું ખરેખર હિત ચાહનારા મહાપુરુષો કેટલાં ? ફક્ત ભાષણ જ નહીં, કામ કરી દેખાડનાર કેટલાં ? આ બધાં સવાલોના જવાબમાં દરેક ભારતીયના મનમાં આંગળીના વેઢે ગણી શકાય એટલાં જ નામની યાદી ઉભરીને આવે; તેમાં એક નામ ગર્વથી લઈ શકાય તે અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ. ગુજરાતી ભાષામાં સરદાર પર અનેક ચરિત્રો મળે છે પરંતુ ડૉ. સુનીલ જાદવ દ્વારા સંપાદિત 'સરદાર : ધ મેન ઓફ એકશન' એ જરા જુદું છે. આ પુસ્તકની પ્રસ્તાવનામાં સંપાદક કહે છે તેમ 'સરદાર કથનીના નહીં, કરણીના માણસ હતા'

આવા સરદાર પટેલના જીવન અને એમનાં કાર્યોને સમજવા આવા સંપાદનો આપણને ખૂબ ઉપયોગી થાય તેમ છે. સરદારની જન્મજયંતી નિમિત્તે સમગ્ર દેશમાં એમનાં જીવનને યાદ કરી અંજલિ અપાય છે. પરંતુ એ કાર્યક્રમો એક દિવસ પૂરતા જ સીમિત બની જતાં હોય છે. જો આ રીતે શબ્દ સ્વરૂપે અંજલિ આપીએ તો એ કાયમ માટે યાદગાર રહે, સાથે તેમના અભ્યાસુઓ માટે ઉપયોગી પણ બની રહે. આ માટે 'ફૂલછાબ' દૈનિક પ્રયત્નો કરતું રહે છે. સરદારની જન્મજયંતી (૩૧ ઑક્ટોબર) એ 'સરદાર પટેલ જન્મ જયંતી વિશેષ પૂર્તિ' પ્રકાશિત કરી આ દૈનિક પત્ર એમને શબ્દાંજલિ આપતું રહ્યું છે. જે સંદર્ભે ગુજરાત ભરના વિદ્વાન લેખકો દ્વારા લખાયેલા મૂલ્યવાન લેખોને સાચવી રાખવાના આશયથી આ પુસ્તક સંપાદિત કરવામાં આવ્યું છે. આ પુસ્તકની મુખ્ય વિશેષતા એ છે કે એમાં સરદારને કોઈ એક વ્યક્તિના મત મુજબ જ નહીં પરંતુ ગુજરાતનાં અનેક વિદ્વાન લેખકો- અભ્યાસુઓના મત પ્રમાણે મૂલવવામાં આવ્યા છે. સરદાર વિશેના ઝીણવટપૂર્વકના અભ્યાસ લેખો અહિ સમાવવામાં આવ્યા છે. માટે આ પુસ્તક સરદારને અનેક પરિમાણોથી સમજવા અને એમને નજીકથી જાણવા ખૂબ જ ઉપયોગી પુરવાર થઈ શકે તેમ છે. પુસ્તકનું શીર્ષક પણ સંપાદક દ્વારા એકદમ સાર્થક 'સરદાર: ધ મેન ઓફ એકશન' રાખવામાં આવ્યું છે. આ શીર્ષક જ સરદારના કર્મશીલ વ્યક્તિત્વને જાણવા વાંચકને પ્રેરે છે.

૩૧ ઑક્ટોબર, ૨૦૧૨માં પ્રવીણ પ્રકાશન, રાજકોટ દ્વારા 'સરદાર ધ મેન ઓફ એકશન' પુસ્તકની પ્રથમ આવૃતિ પ્રકાશિત કરવામાં આવી. જેમાં રાજમોહન ગાંધીથી માંડી છેક ઉર્વીશ કોઠારી સુધીના લેખકોના લેખ છે. આવા વિદ્વાનોના કુલ ૭૦ લેખો આ પુસ્તકમાં આવરી લેવાયા છે. જેમાં સરદાર અને બાબાસાહેબના ઊંડા આભ્યાસુ એવા સંપાદક ડૉ. સુનીલ જાદવ પાસેથી સરદારના જીવનના વિવિધ પાસાઓને ઉજાગર કરતાં પાંચ જેટલા લેખો મળે છે. જે પૈકી 'અસ્પૃશ્યતા નિવારણમાં સરદારની ભૂમિકા' લેખમાં દેશમાં વ્યાપેલી અસ્પૃશ્યતા બાબતે સરદારે કરેલ કાર્યો તેમજ અંત્યજો પ્રત્યે સરદારનું હકારાત્મક અને સમાનતાવાદી વલણ ઉજાગર કર્યું છે. બીજો લેખ 'સરદાર અને સૌરાષ્ટ' માં સૌરાષ્ટ્રમાં ખાસ કરીને રાજકોટની પ્રજા માટે સરદારે પોતાના પ્રખર મિજાજથી રાજકોટના રાજા ઠાકોરસાહેબ સામે ન્યાયની લડત લડી રાજાને કેવી રીતે નમતું જોખાવ્યું એમની રસાળ શૈલીમાં વાત મૂકી છે. સાથે-સાથે રાજકોટમાં ગાંધીજી અને બાબાસાહેબ આંબેડકરનું આગમન તેમજ જૂનાગઢમાં યોજેલ સભા અને સોમનાથ મંદિર જિર્ણોદ્ધાર માટે સરદારે કરેલ નિશ્ચયની વાત પણ આવરી છે. ત્રીજો લેખ 'પ્રતિમા ભલે થાય, પ્રતિભા ન ભુલાવી જોઈએ' છે. આ લેખ તેઓએ 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' સામે ઊભા રહીને જ કર્યો છે ! જેમાં સુનીલ જાદવે સરદારની સૌથી ઊંચી પ્રતિમા બનાવી વિશ્વમાં નામ બનાવવાની મોદી સરકારની આંધળી દોટને બદલે સરદારના મહાન કાર્યોને સમજવા અને એને અમલમાં મૂકી દેશની પ્રતિભા વધારવા તરફ નિર્ભીક રીતે આંગળી ચીંધી બતાવી છે તથા સમગ્ર ભારતના મોટાભાગના રાજ્યોની પ્રાંતિય સમિતિઓના અધ્યક્ષોની ઈચ્છા અને અપેક્ષા હોવા છતાં સરદાર સાહેબને વડાપ્રધાન કેમ ન બનાવાયા? એ પ્રસંગ પણ ટાંક્યો છે. ત્યારબાદ 'વલ્લભભાઈ અને ઝવેરબાનું દામ્પત્ય જીવન' લેખમાં ઝવેરબાએ આપેલ બલિદાન, પતિ-પત્નીએ સાથે વિતાવેલ પ્રસંગો તેમજ મોટાભાઈ માટે સરદારે આપેલ બલિદાનની વાત પણ વણી લેવાઈ છે. 'સરદાર પટેલ તથા ડૉ. બાબાસાહેબ આંબેડકરનું અવમૂલ્યન ક્યા સુધી ? એ લેખમાં

સરદારને પટેલ સમાજ દ્વારા જ્યારે ડૉ. બાબાસાહેબ આંબેડકરને દલિત સમાજ દ્વારા પોતાના નેતા - પોતાના નેતા એમ કરી જ્ઞાતિમાં કેદ કરવાનો જે પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે તેના બદલે સરદારને સમગ્ર દેશના નેતા સ્વરૂપે જોવાની, એમની કર્તવ્યનિષ્ઠાને માન આપી પોતાના જીવનમાં ઉતારવાની જરૂર છે એવી આપેક્ષા સેવી છે. સાથે વર્તમાન પરિસ્થિતિ મુજબ પટેલ જ્ઞાતિ દ્વારા સરદારના નામે થઈ રહેલ રાજકારણ તેમજ બાબાસાહેબને ફક્ત દલિતોના નેતા તરીકે ગણાવી એમની પ્રતિભાને મર્યાદિત કરી મૂકવા બદલ નારાજગી વ્યક્ત કરી છે. વધુ એક લેખ 'વિચારધારાની ખોટ' માં ગાંધીજી, ડૉ. આંબેડકર, વિવેકાનંદ, દયાનંદ, સુભાષચંદ્ર વગેરે બુદ્ધિજીવીઓના વિચારો અને ખાસ કરીને સરદારના જીવનના પ્રસંગોને ટાંકી તેમના દ્રઢ મનોબળને આજનો ભારતીય સમાજ વિસરી ગયો છે. એમનાં વિચારોની આજના લોકોના માનસ પર કેવી ખોટ વર્તાય છે તે બાબતને ઉજાગર કરવામાં આવી છે.

સરદારના અભ્યાસુ અને સજ્જ લેખક પ્રભાકર ખમાર પાસેથી પણ ઉત્તમ લેખો પ્રાપ્ત થયા છે. જેમાં 'અખબારી સ્વતંત્ર્યતાના હિમાયતી સરદાર' અંતર્ગત સરદાર અખબારી સ્વતંત્રતા અંગે કેવા જાગૃત હતા તેની વાત છે. 'કોમી રમખાણો-રાજધર્મ અને.. સરદાર પટેલ' લેખમાં સરદાર અમદાવાદ મ્યુનિસિપાલિટીના ૧૯૧૮ થી ૧૯૨૧ માં સભ્ય અને પ્રમુખ હતા ત્યારે ગેરકાયદેસર બંધાયેલ મંદિર અને મસ્જિદોને દૂર કર્યાની વાત તેમજ ઢોરની વસ્તી નિયંત્રણ માટે કતલખાનું અને માંસ-મચ્છી બજાર બનાવડાવી તે વિગત, ઉપરાંત સપ્ટેમ્બર ૧૯૪૭ માં દિલ્હીમાં થયેલ કોમી રમખાણ વખતે સરદારે તાત્કાલિક કેવાં સુચારું પગલાં લીધા તેની વિગતે વાત કરી છે. દેશના વિભાજન બાદ હિન્દુ- મુસ્લિમ વચ્ચે વ્યાપેલ ભયંકર કોમવાદ અને તેના પરિણામે એક બીજાની થતી કત્લેઆમ અટકાવવા સરદારે ખુદ જઈને લીધેલ પગલાંની વિગતે વાત કરવામાં આવી છે. જેના પરથી આપણને સરદારની બહાદુરી, નિષ્પક્ષતા અને સમજદારીનો ખ્યાલ આવે છે. 'જેમના હૈયે માત્ર દેશહિત હતું - પ્રામાણિક રાજપુરુષ: સરદાર પટેલ' લેખમાં લેખકે સરદાર હિન્દુ-મુસ્લિમ-પારસી-જૈન સૌના તારણહાર અને બધાંને ખરું પરખાવી દેનાર વ્યક્તિ હતા તે વાતને ઉજાગર કરી છે. સાથે- સાથે લઘુમતી કોમોને પંપાળવામાંથી ઊંચા નહીં આવતા, ધર્મના નામે નિર્લજજ બની મત ઉઘરાવતા, મંદિરો-મસ્જિદોમાં જઇ ભોળા લોકોને ગુમરાહ કરતા આપણા આજના નેતાઓએ સરદાર પાસેથી ઘણું શીખવા જેવું એવું ચીંધી બતાવ્યું છે. 'ચૂંટણી ફંડમાં તાતાએ સહી કરેલો કોરો ચેક સરદારને આપ્યો હતો' આ લેખમાં સરદાર અને તાતા વચ્ચેના સંવાદો અને સરદારની તાતાને રોકડું પરખાવી દેનારી ખુમારીભરી નીતિના દર્શન થાય છે. વાલચંદ શેઠના સોદાનો સ્પષ્ટ શબ્દોમાં સરદારે કરેલ ઇન્કારવાળો પ્રસંગ પણ આ લેખમાં સમાવ્યો છે. 'કાશ્મીરના સંરક્ષણ માટે સરદારે કેવા ક્રાંતિકારી કદમ ઉઠાવ્યા હતા?' આ લેખમાં આઝાદીના આરંભના દિવસોમાં કાશ્મીરનું રક્ષણ કરવામાં સરદારે સમયોચિત કેવા કદમ ઉઠાવ્યા હતા તે વાત વણી લેવામાં આવી છે. એક પછી એક લેવાયેલ પગલાંની મુદ્દાસર વાત કરી છે. છેલ્લા દિવસોમાં સરદારે આ બાબતે નહેરુના લીધે કરેલ પીછેહટની વાત પણ વણી લેવાઈ છે. '... તો જામનગર પાકિસ્તનમાં હોત !' આ એક ટૂંકો પણ અભ્યાસુ લેખ છે. જેમાં ફક્ત અર્ધા કલાકમાં સરદારે જામસાહેબ સાથે કરેલ વાતથી તેઓ ભારતમાં રહેવા તૈયાર થઈ ગયેલાં એની ચર્ચા કરવામાં આવી છે. આ પ્રસંગ સરદારની કોઠાસૂઝ અને વાતચીત કરવાની આગવી કળાની સાક્ષી પૂરે છે. હજું એક લેખ 'શ્રેયાર્થી વહીવટકર્તા સરદાર વલ્લભભાઈ પટેલ' માં સરદારે આરંભથી અંત સુધી દેશ માટે કરેલ કાર્યોની યાદી તેમજ સરદારના અમુક સૂચનો જે સંવાદ રૂપે પ્રાપ્ય છે તેનો ઉલ્લેખ પ્રભાકર ખમારે કર્યો છે. જેનાંથી આ લેખ અને આ પુસ્તક વધુ માહિતીસભર બને છે.

દિનશા પટેલ પાસેથી 'એક ઇમારત .. એક ઇતિહાસ અતીત અને આજ' લેખ મળે છે. જેમાં સરદાર માટે અલગ-અલગ સ્થળોએ બનાવવામાં આવેલ સ્મૃતિભવનની વાત કરવામાં છે. 'ગુજરાત અને ગુજરાતીઓ પાસે સરદારની અપેક્ષા' લેખમાં સરદારને ગુજરાતીઓ પાસેથી કેવા પ્રકારની આપેક્ષાઓ હતી એના પર સરદારે ભરૂચ, અમદાવાદ, સુરત બારડોલી તેમજ નવજીવનમાં વ્યક્ત કરેલ પોતાના વિચારો મૂક્યા છે. 'સરદાર એટલે..' માં સરદારના અંગત તેમજ રાજકીય જીવનની વાત છે. તેમજ 'સરદાર પટેલની સલાહથી ભાઇકાકાએ ગ્રામસેવાનો ભેખ લીખો' જેમાં સરદારની અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કામ કરતા ભાઇલાલ પટેલ સાથેની મુલાકાત અને સરદાર દ્વારા ભાઇકાકાને ગામડાંના વિકાસ તરફ દોર્યાની વાત કરવામાં આવી છે.

ઉર્વીશ કોઠારી 'સરદારના વારસદારોના ચૂંટણીના પ્રયોગો' લેખમાં સરદારે પોતાની હૈયાતીમાં પરિવારને રાજકારણથી છેટા રાખ્યાની વાતનો ઉલ્લેખ કરી સરદારના અવસાન પછી પુત્રી મણીબહેન અને પુત્ર ડાહ્યાલાલે લડેલ ચૂંટણીઓ અને તેમાં મેળવેલ સફળતાની વાત કરી છે. 'સરદારના કેટલાક સમર્થ ગુજરાતી ટીકાકારો' અંતર્ગત ડાબેરી વિચારસરણીના નાટ્યકાર જશવંત ઠાકરે સરદારના ચરિત્ર બાબતે કરેલી નકારાત્મક વાતો છે. અન્ય ટીકાકારમાં કવિ ન્હાનાલાલનો પણ સમાવેશ થાય છે. મોરારજી દેસાઈ પણ આમાંના એક ગણાવાયા છે. આ ટીકાકારો અને સરદાર વચ્ચેના સંવાદો મૂકી તેમની સાબિતી પણ લેખકે આપી છે. 'સરદાર અને ફિલ્મી દુનિયા' લેખમાં સરદાર કેવા પ્રકારની ફિલ્મ

ચાહતા તેની ચર્ચા છે. ' સરદાર પટેલ,૨૦૦૭' લેખમાં સરદારની નેતા તરીકેની તાસીર તપાસવામાં આવી છે. આ લેખમાંથી પસાર થતાં સરદાર અને એમનાં દ્રઢ નિશ્ચયીપણાંનો ખ્યાલ આવે છે.

ગુજરાતી સાહિત્યના ઉત્તમ નિબંધકાર પ્રવીણ દરજી પાસેથી પણ સરદાર વિશેની માહિતી પ્રાપ્ત થાય છે. તેઓએ 'સરદાર પટેલનું ગદ્ય' લેખમાં સરદારના ગદ્ય વિશે કોઈ ચોક્કસ વિગત મૂકવાને બદલે વિષય બહારની ચર્ચા વધારે કરી છે જે વાંચકની ગદ્ય વિષે જાણવાની આપેક્ષાઓ પરિપૂર્ણ કરવામાં નિષ્ફળ નીવડે છે. 'એક બીજા વલ્લભભાઈ !' આ લેખમાં સરદારને કેવળ કઠોર પુરુષ તરીકે ઓળખનારાઓને સરદારના અંગત જીવનમાં ડૂબકી મરાવી સરદારના દયાદ્ર સ્વભાવને બતાવે છે તેમજ સરદારના ભીતરને શબ્દ થકી ભાવક સમક્ષ ખોલી બતાવે છે. 'મણીબહેનના પિતા વલ્લભભાઈ' લેખમાં સરદારની રાજકીય વ્યસ્તતાને કારણે એમનાં પુત્ર-પુત્રીને પિતાના પ્રેમની ઓછપ રહી છે એ બાબત નોંધી તેની પુષ્ટિ થાય તેવા પ્રસંગો પણ ટાંક્યા છે.

ગુજરાતના યુવા લેખક તેમજ ઊર્જાવાન પ્રતિભા ધરાવનાર જય વસાવડા દ્વારા આધુનિક એપ્રોચથી સરદારને મૂલવવામાં આવ્યા છે. એમનાં દ્વારા આપવામાં આવેલ શીર્ષકમાં જ ઉર્જાનો અહેસાસ થાય છે. પ્રથમ લેખ છે 'સરદાર : વીરપુરુષ, મહાપુરુષ, યુગપુરુષ.. મેન ઓફ એકશન !' જેમાં સરદારના જીવન વિશેની અંગત અને રાજકીય બાબતો તેમજ સરદારે કરેલ કર્મોની સરદાર જેવી જ સ્ફૂર્તિવાન અદાથી વાત કરવામાં આવી છે. જન્મ તારીખ કઈ એ વિશે વિચારી સમય બગાડવાને બદલે જે યાદ આવે એ તારીખ ટાંકી કામે લાગી જનાર સરદારની ચર્ચા પણ જય વસાવડા 'જો' અને 'તો' ની ખોટી રમતમાં ચડયા વગર સટીક રીતે કરી જાય છે. 'એકશન સ્પીક્સ લાઉડર ધેન વર્ડસ'લેખમાં ... આ બંદા પાસે વાતો કરવા કરતાં કામ ઘણાં હતા આ એક જ લાઇનમાં લેખક સરદાર વિશે પોતાને કહેવાનું બધુ જ જાણે કહી જતાં હોય એમ જણાય છે. બીજા એક લેખ 'કામદારના સરદાર, મજૂરના મહાજન !'ની શરૂઆત જ 'સત્તાધીશોની સત્તા પોતાના મૃત્યુ સાથે જ સમાપ્ત થાય છે, જ્યારે મહાન દેશભક્તોની સત્તા એમના મૃત્યુ પછી જ ખરો અમલ ચલાવે છે.' સરદારના આવા ધારદાર ક્વોટથી કરી છે. આગળ કહ્યું છે કે સરદારનો એપ્રોચ 'પ્રેક્ટિકલ' રહેતો અને તેઓ 'સિમ્પલ લિવિંગ, હાઇ થિંકિંગ' માં માનનારા માણસ હતા. સાથે લેખમાં ગુજરાતી પત્ર 'મજૂર સંદેશ' માં સરદારે દાયકાઓ સુધી મજૂરોની જાહેરસભામાં કરેલા પ્રવચનોની સ્ક્રિપ્ટ છપાતી એ જૂના અંકોમાંથી અમુક અંશો તારવીને મૂક્યા છે. જે આજે પણ એટલા જ યોગ્ય લાગે છે. આ અંશો પરથી સરદારની મજૂરો પ્રત્યેની સહાનુભૂતિ, ચિંતા તેમજ મૂડીવાદીઓ સામેનો વિરોધ પ્રગટ થાય છે. સરદારે પોતાના પ્રવચનોમાં મજૂરના હક અને કર્તવ્ય અંગે શું કહ્યું હતું એની માહિતી પણ આ લેખ આપે છે.

પ્રવીણ ક. લહેરી પાસેથી બે લેખો મળ્યાં છે. જેમાં પહેલો લેખ 'સરદાર : સક્ષમ સંગઠનકાર- કુશળ વહીવટદાર' છે.માં સરદારના શરૂઆતના દિવસોમાં ગાંધીજીની વાતો હસી કાઢવાની વૃત્તિ તેમજ રાજકારણમાં આવ્યા બાદ ગાંધીજીના સાચા આનુયાયી બની રહેવાની વાત અને સાથી કાર્યકર્તાઓને લઈને સરદારની ધારણા કેવી રહેતી એ વિશે ચર્ચા કરવામાં આવી છે. સાથે સરદારના ગુણોને વિવિધ પ્રસંગ ટાંકીને ઉજાગર કરી બતાવ્યા છે. ત્યારબાદ સરદારની કામગીરી અને નેતાગીરીને ઉજાગર કરવામાં આવી છે. બીજો લેખ 'રચનાત્મક કાર્યોના પ્રેરણામૂર્તિ - સરદાર પટેલ' છે. જેના અંતર્ગત પ્રવીણ ક. લહેરીએ સરદારે વિવિધ ક્ષેત્ર જેવા કે કોમી એકતા, અસ્પૃશ્યતા નિવારણ, દારૂબંધી, ખાદી, ગ્રામોદ્યોગ, ગ્રામસફાઈ, બુનિયાદી તાલીમ, પ્રૌઢશિક્ષણ, મહિલા સુધારણા, આરોગ્યની કાળજી, વિવિધ ભાષાઓ, રાષ્ટ્રભાષા હિન્દી, આર્થિક સમાનતા, કિસાન અને કૃષિ વિકાસ, મજૂરોનું સંગઠન વગેરેમાં પોતે કરેલ પ્રદાનની મુદ્દાસર ચર્ચા કરી છે.

ગુજરાતીના ગદ્યસ્વામી જૉસેફ મેકવાન પાસેથી પણ એમના મર્માળું ગદ્યમાં 'પિતા-પુત્રીનું અદ્વૈત' એવો લેખ પ્રાપ્ત થાય છે. જેમાં સરદારની એમના પુત્રી મણીબહેન દ્વારા રાખવામાં આવેલ સાર-સંભાળના પ્રસંગો સૂક્ષ્મતાથી આવરી લેવાયા છે. આ લેખ થકી પિતા-પુત્રી વચ્ચેના અગાઢ પ્રેમની પ્રતીતિ થાય છે. સ્વામી સચ્ચિદાનંદજી 'જો સરદાર પટેલ વડાપ્રધાન બન્યા હોત તો કાશ્મીરની સમસ્યા ન હોત' એવો લેખ કરે છે. જેમાં શરૂઆતમાં રાજનીતિ પર લેખકે પોતાના મૌલિક વિચારો અને ત્યારબાદ સરદારની સ્પષ્ટ રાજનીતિ અને નિર્ણયશક્તિની વાત કરી સરદાર કાશ્મીરને બચાવી શકવા સક્ષમ હતા તેની સાબિતી આપી છે. 'પ્રજાને નેતા ઘડે છે, સરદારે તે ઘડી બતાવ્યું છે.' એમ કહી સરદારની કુશળતાને પણ ઉજાગર કરી છે. આવા જ એક આભ્યાસુ નરોત્તમ પલાણ 'સરદાર અને વિલીનીકરણ' એ મુદ્દા પર ચર્ચા કરી સરદાર, ગાંધીજી તેમજ અન્ય નાના-મોટા રાજા રાજવાડાઓના કાર્યોને શબ્દ થકી બિરદાવે છે.

રમેશચંદ્ર અમીન 'સરદાર વલ્લભભાઈ પટેલના આર્થિક વિચારો' લેખમાં સરદાર આર્થિક વિકાસ માટે ખેતી અને પશુપાલનને કેવી રીતે પ્રોત્સાહન આપતા તેની વિગતપૂર્ણ વાત કરી છે. રાષ્ટ્રીયકરણ બાબતે સરદારે ઉદ્યોગપતિઓને બ્રિટનની જેમ પહેલા ઉદ્યોગો સ્થાપવા

સૂચવ્યું એ વાત પણ અહિ ટાંકવામાં આવી છે. આ ઉપરાંત સરદાર મજૂરોને શ્રમ દ્વારા ઉત્પાદન વધારવા પ્રોત્સાહિત કરતાં તે બાબતનો ઉલ્લેખ પણ છે. ભાવ નિયંત્રણ તેમજ આત્મનિર્ભરતા બાબતે સરદારનું વલણ કેવું રહ્યું છે તેની વાત આ લેખ અંતર્ગત કરવામાં આવી છે. ડૉ. રિઝવાન કાદરી પાસેથી 'મહિલાઓને રાજકીય અધિકારનું સરદારનું સ્વપ્ન ૮૮ વર્ષેય અધૂરું !!' એવો ટૂંકો લેખ મળે છે જેમાં મહિલા આરક્ષણ બાબતે સરદારે મહિલાઓના તરફેણમાં આપેલ સૂચન કે, સમાજની અડધી વસતી જો મહિલાઓની હોય તો એમના હક માટે કાયદો બદલવો જોઈએ અને એમને પણ મ્યુનિસિપાલિટીમાં સભ્ય બનાવવી જોઈએ. પરંતુ ૮૮ વર્ષો બાદ પણ આ કાયદો બદલાયો નથી ! એની વાત કરી છે. ડૉ. મહેબૂબ દેસાઈ 'સરદાર પટેલ અને ભારતીય મુસ્લિમો' લેખમાં સરદારે હિન્દુ-મુસ્લિમ એકતા માટે સેવેલી નાજુક ઈચ્છા અને સરદારની નજીકથી સમજ્યા વગર જ એમને મુસ્લિમ વિરોધી ચીતરી દેવામાં સમાજવાદીઓ અને કોમવાદીઓએ કરેલ ભૂલ તરફ દિશા નિર્દેશ કર્યો છે. આવા લોકોએ સરદારના મુસ્લિમ પ્રત્યેના તટસ્થ અભિગમને ઉજાગર થવા જ નથી દીધો માટે જ સરદાર પ્રત્યે ગેરસમજ પેદા થઈ છે એવું તારણ પણ આપ્યું છે. આ ઉપરાંત સરદારે મુસ્લિમો માટે કરેલ બીજા કાર્યોનો પણ ઉલ્લેખ કર્યો છે.

'પ્રતિભાવંત મહાપુરુષ સરદાર પટેલ' લેખમાં નગીનદાસ સંઘવી સરદારના જીવન વિશે માંડીને વાત કરે છે. જેમાં તેઓએ એમના અંગત અને રાજકીય જીવનને ઉજાગર કર્યું છે. હરિ દેસાઈ 'ભાષાવાર પ્રાંત રચના અને સરદાર પટેલની સલાહની અવગણનાનાં દુષ્પરિણામ' માં ભાષાવાર પ્રાંતનો સરદારે કરેલો વિરોધ અને નહેરુના નેતૃત્વ હેઠળ થયેલ આ ભાગલાને પરિણામે આવેલા દુષ્પરિણામની ચર્ચા કરે છે. એમનો બીજો લેખ 'સરદાર પટેલ ભણી સરકારી ઉદાસીનતા' એમાં સરદારના નામનો રાજકીય ઉપયોગ કરવામાં જ ભાજપ અને કોંગ્રેસને રસ છે, એમનાં વ્યક્તિત્વનો અભ્યાસ કરવામાં નહિ. તથા સરદાર સ્મારકના નામે ખેલાતા રાજકારણની પણ નિર્ભીક રીતે ચર્ચા કરી છે. અન્ય એક લેખ 'સંન્યાસીવૃતિના સરદાર પટેલ લોકહૃદયસમ્રાટ' પણ મળે છે. એસ. વી. જાની 'સરદાર પટેલ અને નાગપુરનો ઝંડા સત્યાગ્રહ' લેખમાં જબલપુરમાંથી પ્રગટેલી સત્યાગ્રહની જ્યોતિ નાગપુરમાં કેવી રીતે જ્વાળા બની ગઈ એમની ઘટનાક્રમ મુજબ વાત કરે છે. ભગવાનજીભાઈ કાનાણી પાસેથી પણ 'યુગપુરુષ સરદાર' તેમજ 'બારડોલી સંગ્રામમાં સેનાની સરદાર' એવા બે લેખો મળ્યાં. જેમાં સરદારની પ્રતિભા વિશે સવિસ્તાર વિગતો આપવામાં આવી છે. તેમજ સરદાર વિશેના અન્ય દેશી-વિદેશી વિદ્વાનોના મંતવ્યો પણ વણી લેવાયા છે. બારડોલીમાં સરદારની જોરસાભરી નેતાગીરીના પણ દર્શન થાય છે. જ્યારે રમેશ તન્ના "'કોમ્યુનિકેશન' સરદારનું પટેલનું : સીધો માણસ, સોંસરવી વાત" એવો લેખ કરે છે. જેમાં વચ્ચે કાવ્યપંક્તિઓ મૂકી પદ્યમય સ્વરૂપ આપ્યું છે. આમાં કઈક આવી નોંધ મળે છે કે સરદાર સીધા માણસ અને સોંસરવી વાત કરનાર નેતા હતા સાથે આખાબોલા હતા. તેઓ બોલતી વખતે એક ઈંચ પણ છાના ન રહી શકતા. એ બહું ઓછું બોલતાં, એમનું મૌન ઘણું બળૂકું હતું. તેઓ ઓછું બોલતા અને કામને બોલવા દેતા. ખપ પૂરતું બોલવાની ટેવને કારણે તેમનો અને સામેવાળાનો ઘણો સમય બચતો. સરદારને ફીફાં ખાંડવાની ટેવ નહોતી કે પછી નીંદામણ માટે તેમની પાસે સમય નહોતો. તેઓ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ત્રણ ભાષાનો ઉપયોગ કરતા. આ ઉપરાંત એમની વાતચીત અને વ્યક્તિત્વ વિશેની અનેક બાબતો રસપ્રદ રીતે આ લેખમાં કરવામાં છે.

આર. એસ. પટેલ પાસેથી 'દેશી રાજ્યોના વિલિનીકરણમાં જર્મનીના બિસ્માર્ક સાથે સરદાર પટેલની તુલના કરવી એ અન્યાયકર્તા છે' મળેલ આ લેખમાં સરદાર અને બિસ્માર્કની પ્રતિભા વચ્ચે જમીન આસમાનનો ફર્ક બતાવી સરદાર ઉચ્ચ સ્થાને જ છે એવું તેઓ દ્રઢતાથી કહે છે. ત્યારબાદ સિદ્ધાર્થ નરહરિ ભટ્ટ સરદાર અને એમની પુત્રીના પારિવારિક જીવનમાં ડોકિયું કરી 'મણીબહેનની ડાયરી' એવો સરસ લેખ આપે છે. જેમાં મણીબહેને ખૂબ જ વ્યસ્ત જીવન ઘરેડમાંથી સમય કાઢી પોતાના બાપુ વિશે કરેલી સુંદર નોંધ છે. જેમાંથી પિતા-પુત્રી વચ્ચેનો સંબંધ તેમજ મણીબહેને પિતાની સેવામાં આપેલ યોગદાન તેમજ સરદારનો ખુમારીયુક્ત સ્વભાવ ઉજાગર થાય છે. સિદ્ધાર્થ અંતમાં મણીબહેનના ભાષા કૌશલ્યનો પણ ઉલ્લેખ કરે છે. તેમનો ચીની લોકોનું ભારત ભણી રહેલ વર્તન પરનો 'ચીનાઓ આપણને મિત્ર માનતા નથી' એવો વિસ્તારપૂર્ણ લેખ પણ છે. પ્રા. ડૉ. ગજેન્દ્રસિંહ જાડેજા 'કાશ્મીર સમસ્યા : સરદાર પટેલનો અભિગમ' માં કાશ્મીરના રક્ષણાર્થે ભારતમાંથી સૈન્ય મોકલવા સરદારે કરેલ તત્કાળ સૂચનની ચર્ચા કરે છે.

આ બધાં વિદ્વાનો દ્વારા મળેલ માહિતીપ્રધાન લેખ ઉપરાંત અન્ય લેખકો પાસેથી પણ સરદાર વિશેની વિગતો મળી છે. જે પૈકી વિષ્ણુ પંડ્યા પાસેથી 'જો' અને 'તો'ની કરુણતા : સરદાર,ગાંધી,સુભાષ અને જવાહરલાલ...' તેમજ 'સરદાર પટેલનાં રાજનીતિ અને રાજ્યશાસન:એકલું સ્મરણ નહીં, આચરણ પણ અનિવાર્ય', સમેશચંદ્ર અમીન પાસેથી 'સરદાર વલ્લભભાઈ પટેલના આર્થિક વિચારો'. કૌશિક મહેતા પાસેથી 'જરૂર છે, સરદારની' અને આ જ વિષય પણ આપણા મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીનો પણ એક લાઘવપૂર્ણ લેખ 'માટીમાંથી મર્દો ઘડનાર, સરદારની જરૂર છે' પ્રાપ્ત થયો છે. વજુભાઈ માવાણી 'અસાધારણ પ્રતિભા, રાષ્ટ્રભક્તિ અને દ્રઢ મનોબળનો ત્રિવેણી સંગમ : સરદાર

પટેલ', ડો. એન. કે. ડોબરિયા 'સરદાર અને સોમનાથ' તેમજ દેવેન્દ્રકુમાર ર. દેસાઇ 'રાષ્ટ્રના અને ગાંધીજીના અદના સિપાહી : સરદાર' ગુણવંત શાહ 'સરદાર : વજ્રના કુંડમાં ઊગેલું સુકોમળ પુષ્પ' અને 'સરદાર અને સાધનશુદ્ધિ' એમ બે લેખ આપે છે. લલિત શેટી પાસેથી 'આધુનિક યુગના ચાણક્ય સરદાર પટેલ', જગમોહન તરફથી 'ભારતની એકતામાં સરદાર પટેલનું યોગદાન', હેમેન ભટ્ટ દ્વારા 'રાજકોટમાં સરદાર સાહેબના સંભારણાનો ખજાનો : સરદાર સ્મારક ભવન' અને કિરીટ ઉધાસ '૧૯૪૭ના વિક્રમ સંવતના નવા વર્ષે સરદાર પટેલનું ઉદ્‌બોધન' એવો લેખ આપે છે.

સરદાર પ્રતિભાશાળી વ્યક્તિ હોઈ એમના પર આ પુસ્તક પહેલા પણ ઘણાં ચરિત્ર ગ્રંથો પ્રકાશિત થયા છે . જેની યાદી પણ સંશોધક ધવલ પરમાર દ્વારા આપવામાં આવી છે. અંત ભાગમાં દેવયાની જાદવ દ્વારા 'સરદાર પટેલ : જીવન અને કાર્યો' એવો લેખ દમળે છે. જેમાં સરદારના જન્મથી લઈ મૃત્યુ સુધી એમનાં જીવનમાં બનેલ ઘટનાઓની તવારીખ પણ શોધીને નોંધવામાં આવી છે. જે વિદ્યાર્થી માટે ખૂબ ઉપયોગી પુરવાર થઈ શકે.

'સરદાર ધ મેન ઓફ એકશન' પુસ્તક આવા લેખોથી સમૃદ્ધ છે જ સાથે સાથે જગ્યાની પૂર્તિ કરવા 'સરદાર વાણી' એ અંતર્ગત સરદારના પોતાના વિચારો પણ ટાંકવામાં આવ્યા છે., જે સરદાર અને આ પુસ્તક બંનેને જીવંતતા બક્ષે છે. જગ્યા પૂર્તિ કરતાં પણ એમનાં વિચારોની યાદી થમી નથી તેથી અંતે 'સરદારના વિચારબિંદુ' એવું પ્રકરણ અલગથી મૂકી એમાં બાકીના વિચારો આવરી લેવાયા છે. સોનામાં સુગંધ સમી ભારતીય કવિઓની કલમે કોતરાયેલી કાવ્યપંક્તિઓ પુસ્તકની મહેક વધારી જાય છે. લેખની વચ્ચે તેમજ પુસ્તકના અંતભાગમાં આ પંક્તિઓ શોભે છે.

"કુમળું કરેણ ફૂલ કાળજું ને
અગ્નિથી કેળવેલા ગજ્જરનાં હાલ,
છાતી કાઢીને ઈતિહાસમાં ઊભો જણ
જાણે નર્યો નિશ્ચયનો પ્હાડ
મૂળિયાં ઘાલીને ઉડે ભોમકામાં
સદીઓથી પડકાર, આવ, લે ઉખાડ."

(કવિ હરીશ મિનાશ્રુ)

"હરેક ભેદ કો પટેલ તોલતા,
હરેક ભેદ પટેલ ખોલતા;
કઠોર નગ્ન સત્ય બોલતા ;
પટેલ હિંદ કી નીડર જબાન હૈ."

(કવિ હરિવંશરાય બચ્ચન)

આ ઉપરાંત કવિ સુન્દરમ્, બાલમુકુન્દ દવે, રિષભ મહેતા, ડૉ. વી. વી. માયાણી, બી. જી. કાનાણી વગેરેની કાવયપંક્તિઓનો ઉલ્લેખ કરાયો છે.

તદુપરાંત સરદાર વિશે મહાન નેતાઓનું શું કહેવું છે એ વિગતો ટાંકતા સંપાદક 'સરદાર પટેલ વિશે તેઓ આ કહે છે..' તેમજ 'સરદાર પટેલ - મહાપુરુષોની નજરે' એવા પ્રકરણ પણ કરે છે. જેમાં ગાંધીજી સરદારને પોતાની માતા સાથે સરખાવે છે તેમજ એમનાં વગર ગાંધીજી મોટા ભાગનું પામ્યાની સ્વીકૃતિ કરતાં નજરે ચડે છે. પંડિત જવાહરલાલ નહેરુ સરદારને પોતાના સાચા સલાહકાર અને વિશ્વાસુ મિત્ર તરીકે ઓળખાવે છે. વિનોબા ભાવે સરદારની ધૈર્યની તુલના લોકમાન્ય સાથે કરીને એમને નીડર અને વળતો પ્રહાર ડગમગ્યા વિના જ ઝીલનાર તરીકે બતાવે છે. મહાદેવભાઈ દેસાઇ સરદાને સાદગીને વખાણી એમને ખેડૂતની બોલીમાં બોલી વાણી દ્વારા જ વીરો ઉત્પન્ન કરનાર સબળ વ્યક્તિ તરીકે મૂલવે છે. શ્રી ગુરુજી સરદારના સમભાવ અને એકતા માટે કરેલ ઉત્થાનને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પે છે. જ્યારે અટલબિહારી વાજપેયી સરદારને સોમનાથ મંદિરના પુનનિર્માણ દ્વારા દેશની સંસ્કૃતિ સાચવનાર તરીકે ઉજાગર કરી આપે છે. ડૉ. રાજેન્દ્રપ્રસાદ સરદાર દ્વારા થયેલ રાજવાડાં એકત્રીકરણને યાદ કરી આ ભગીરથ કાર્ય સરદારની સંગઠન અને સમજાવટ શક્તિનું પરિણામ છે એવું લખે છે. એકનાથ રાનડે

સરદાર સાથેની બે મુલાકાત દરમિયાન દેશના ભાગલા બાબતે થયેલ સંવાદો ટાંકે છે. કાકાસાહેબ કાલેલકર સરદારને રાષ્ટ્રપુરુષ એવમ ખેડૂતોના રાજા તરીકે પ્રસ્થાપિત કરે છે. મૌલાના અબ્દુલ કલામ સરદારને પ્રમુખ પદ માટે ટેકો ન આપી મોટી ભૂલ કરી છે એવો ખેદ વ્યક્ત કરે છે. આ ઉપરાંત બાબુભાઇ જશભાઈ પટેલ, વી. વી. ગિરી, જયપ્રકાશ નારાયણ અને રાજાજી વગેરે નેતાઓના મંતવ્ય પણ અહિ સમાવવામાં આવ્યા છે. જે સરદારની મહાનતા અને સચ્ચાઈના દ્યોતક છે.

આમ સમીક્ષાને સરવાળે સાબિત થાય છે કે 'સરદાર ધ મેન ઓફ એકશન' ચરિત્ર ગ્રંથ અન્ય ચરિત્ર ગ્રંથોથી વિશેષ અને ખૂબ માહિતીસભર છે. પરિણામે આ ગ્રંથ સરદારને સમજવા હંમેશા ઉપયોગી પુરવાર થાય તે પ્રકારની સંદર્ભ શ્રેણીમાં મૂકી શકાય તેવું છે. પુસ્તકનું સંપાદન કરવા ગુજરાતનાં વિદ્વાન લેખકોને તૈયાર કરનાર સંપાદકની પેરવી ખરેખર સરાહનીય છે. સરદારને દેશના ખૂણે ખૂણેથી ઉજાગર કરવાનો સં. સુનીલ જદાવનો હેતુ આ સજ્જ સંપાદન થકી પરિપૂર્ણ થયો છે.